સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કેન્દ્રને ભાંડવાની આ જિલ્લે જિલ્લે બજવણી છે
ફરજીયાત ફટાણા સાભળવાની, પજવણી છે,
'ઉજવણી' છે કે પછી પક્ષના પ્રચારની સભા?!
સમજે ન નેતા, 'રાષ્ટ્રીય મહત્ત્વ', લજવણી છે!

ઉડે આકાશે 'ઉમેદવારી'થી જ ગેરસમજ!
(હજી ભેંસ ભાગોળે ય નથી પહોંચી)

'સ્વાતંત્ર્ય પર્વ' રાષ્ટ્રીય મંદિરમાં - ધ્વજ-વંદન..
(આ સમગ્ર દેશ- પ્રજા નો ઉત્સવ છે)

ચિંતન

કેષાંચિન્તજવેશ્મનિ સ્થિતવતામાલસ્ય નિદ્રાવતાં દંશ્યન્તે ફલિતા લતા ઇવ ફલૈરાચૂલ મૂલં શ્રિયઃ ।
અહિંધ્ર લંગયતાં ગિરિ પ્રયતતાં પૃથ્વીતલે ધાવતા મુધોગવ્યવસાય સાહસધિયાં તન્નાસ્તિ યત્પચ્યતે ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'નશીબનો મહિમા'નો આ શ્લોક છે :

'એવા પણ કેટલાક લોકો હોય છે માત્ર ઘરમાં જ પડ્યાં-પાથર્યા રહે છે અને આળશ અને આરામથી પ્રચૂર જીવન જીવતા હોય છે તેમ છતાં લક્ષ્મી-ધન-પૈસા તેમને શરૂઆતથી અંત સુધી, પુષ્કળ ફળથી લચી રહેતી લતાની જેમ, ફળ આપ્યા જ કરે છે, અર્થાત આરામ મય જિંદગી વિતાવતા હોવા છતાં એમને પૈસાની કમી રહેતી નથી.'

પરંતુ જે લોકો સાત સાગર પાર કરીને કમાણી કરવા જાય છે, પર્વતોની પારના મૂલકોમાં મજૂરી કરવા જાય છે આખી દુનિયામાં દોડાદોડી કરે છે છતાંય, એમના વ્યવસાય, ઉદ્યોગો અને હિંમતપૂર્વકના સાહસો કરવા છતાંય, આવા માણસોનાં ઘરમાં કાયમ ઠાંડલા ફુસ્તી કરતાં રહે છે અર્થાત એમના ઘરમાં રાંધી ખાવા જેટલું અનાજ પણ હોતું નથી.'

કેટલાક લોકો મોટામાં ચાંદીનો ચમચો લઇને જ જન્મે છે એમને નોકરી-મજૂરી-કામ-આવક-ની કોઇ ચિંતા જ હોતી નથી. વ્યાજ-ભાડા-રોકાણોની આવકની માત્ર વ્યવસ્થા જ કરવાની હોય છે એને કહેવાય નશીબ! જ્યારે કેટલાક મહેનત-મજૂરી, દેશ-પરદેશ ભટકી મહેનત કરે છતાં 'અછત' એમને પીછો છોડતી નથી એ પણ 'ભાગ્ય'ની વાત છે.

સુવિચાર

- વર્ગમાં જઇ મનગમતો વિષય ભણાવવાનો એક નશો હોય છે, જો આવો નશો ન ચડતો હોય એવા માણસે શિક્ષક બનવાનું ટાળવું જોઇએ **- ગુણવંત શાહ**
- જેમને ચહેરો વાંચતા આવડે અને પછી છેક હૃદય સુધી પહોંચી જાય તે વ્યક્તિ અભણ હોય તો પણ વિદ્વાન છે **- દોસ્તોવેસ્કી**
- અર્થપૂર્ણ શબ્દો માણસની જીભ પરથી નહીં પણ અંતરમાંથી આવે છે- **ભૂપત વડોદરિયા**
- જીભ મીઠાશથી થાકે છે.. પણ ક્યારે કાન થાકતા નથી **- મનુ સ્મૃતિ**
- ગળ્યા ભોજનનો સ્વાદ એટલા લાંબા સમય સુધી રહેતો નથી જેટલા સમય સુધી સારા શબ્દોની મિઠાશ રહે છે **- બાઇ કહેવત**
- દુનિયામાં અકારણ વેરી ઘણાં હોય છે.. પણ તમે અકારણ ઉપકારી બનો- **સાધુ વાસવાણી**
- કોઇ કોઇને પૂછે કે તું હિન્દુ કોમનો કે મુસલીમ કોમનો... હવે બધાએ ભૂલી જવાનું છે.. કારણ કે જમાનો 'ડોટકોમ' નો **- એસ.ભટ્ટાચાર્ય**

બોધ કથા

કેટલાક માણસો નાના નજીવાં કાર્યો કરી તેને મોટું સ્વરૂપ આપી આપવડાઇનો જશ લૂંટતા હોય છે કોઇનું કર્યું 'મેં કર્યું છે'ની છાપ મારી ખોટું અભિમાન કરે છે. ખરેખર કામ કરનારામાં તેની ઠાંસી થાય છે અને તેના અજ્ઞાન અને સ્વભાવની નબળાઇ જાહેર થાય છે છતાં ય આવા માણસોને અક્કલ આવતી નથી.

એક ખેડૂત પાસે બળદની જોડ હતી તે આખો દિવસ ખેતી-ખેડ અને માલસામાનની બજારમાં હેરફેરમાં ખૂબ મદદરૂપ થતા હતા. ખેડૂત પાસે એક બકરો પણ હતો એ માત્ર ખાઇ-પી શરીર વધારતો હતો. નજીકથી પસાર થનારને શીંગડા ભરાવતો હતો.

ખેડૂતો તેને થોડી તાલીમ આપી બકરાગાડીમાં તેનો ઉપયોગ કરી નાનીમોટી હેરફેરમાં તેના પર ઉપયોગ કરવા લાગ્યો. પણ, બકરાને તો પોતાના કાર્ય પર અભિમાન થવા લાગ્યું. અને વિચારવા લાગ્યો મારા જેવું કામ તો કોઇએ કર્યું જ નથી.

એકવાર અનાજથી ભરેલું ખેડૂતનું ગાડું સામે આવ્યું. બકરો ઘૂરકવા લાગ્યો અને પોતાની ઉપયોગીતા વિશે બફાટ કરવા લાગ્યો.

ખેડૂત અને બળદો મનોમન હસ્યા અને બકરાનો બફાટ સહન કરી લીધો..

Email - sureshchandrabhatt18@gmail.com

તારી વાંછટની ભીની છાલકથી લખાય છે આ ગઝલ, તારા ઠંડા ઠંડા સ્પર્શોથી કંઇ શરમાય છે આ ગઝલ

● સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસના બીજા રવિવારે અચૂક મળતી સભા તા. ૧૧-૦૮-૨૦૧૩ને રવિવારના રોજ વરસતાં વરસાદની માટીની સોડમ રેલાવતા વાતાવરણમાં સેક્ટર-૧૫ ખાતેનાં 'બ્રહ્મ ભવન'માં બ્રહ્મ સમાજના સદ્‌ભાવથી પ્રમુખ દોલત ભટ્ટના અધ્યક્ષપણા હેઠળ સંપન્ન થઇ.

શબદની સંગિની 'મા શારદા'ની સ્તુતિ વંદનાથી સભાનું મંગલાચરણ કર્યા બાદ મંત્રી નટવર હેડાઉએ તેઓની સ્નેહસભર, લાગણી નીતરતી વાણીમાં ઉપસ્થિત સર્વેનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. ઓગસ્ટ માસમાં જેઓનો જન્મદિન હતો તેઓને અધ્યક્ષશ્રીએ અભિનંદનસહ શુભેચ્છાનાં પુષ્પો અર્પણ કર્યા.

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે આર.સી. હાઇસ્કૂલ કડી કેમ્પસ, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ વિદ્યાર્થીઓની 'જોડણી સ્પર્ધા' અંગેની માહિતી પ્રો. ડૉ. સોમાભાઇ પટેલ દ્વારા આપવામાં આવી, ત્યારબાદ આ સ્પર્ધાના વિજેતા સર્વશ્રી (૧) સોલંકી વીરલકુમાર લાલાભાઇ (૮૧/૧૦૦) તથા લબાના પ્રદ્યુમ્નકુમારન શૈલેષભાઇ (૮૦/૧૦૦) ને અધ્યશ્રક્ષી દોલત ભટ્ટના હસ્તે પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવ્યા. ત્યારબાદ મંત્રીશ્રી નટવર હેડાઉ દ્વારા લેખક મહેબૂબ અ. સૈયદની લઘુકથા 'સજ્જન'નું પઠન કરવામાં આવ્યું અને સભ્યશ્રી મૌલિક બોરીજા દ્વારા લઘુકથા રજૂ કરવામાં આવી.

અધ્યક્ષએ તેઓશ્રીની લાગણીસભર સ્નેહની તરતી વાણીમાં જણાવ્યું કે આ સાહિત્ય સભામાં તમામ - લેખકો અને ભાવકો સરખા છે. ફક્ત વહીવટી કામગીરીની આંતરિક સંસ્થાને પોતાની સમજીને, સંસ્થાના શ્રેયમાં યોગદાન આપવું જોઈએ અને મનભેદ ન લાવવા જોઈએ. તેઓએ વિદ્યાર્થીઓ સાથે સ્કૂલ/કોલેજોમાં યોજાનાર વાર્તાલાપ/ગોષ્ઠી અંગેના વ્યક્તવ્યકારોને ભાગ લેવા માટે જણાવ્યું. (આ બાબતે પ્રમુખશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે.)

ત્યારબાદ અગાઉ નક્કી થયા મુજબ 'ગાંધીનગર' તથા 'વર્ષાઋતુ' સંબંધે સર્વશ્રી

(૧) સંજય થોરાત : વરસાદી વાછટ
(૨) ડૉ. મુકેશ જોષી : અસર તો પડે (ગઝલ)
(૩) ભરત પાઠક 'નયન' : આવી મેઘ સવારી
(૪) ભર્ગદેવ ભટ્ટ : મુક્તકો
(૫) કાન્તિભાઇ શર્મા : વર્ષાની વાદળી
(૬) ઈશ્વરભાઇ દેવશંકર જોષી : શ્રેષ્ઠ શ્રાવણ આવ્યો
(૭) રમણભાઇ શ્રીમાળી : મેઘરાજા સ્વાગતમ્
(૮) સુરેશ ભટ્ટ : આ નગર
(૯) મૂળજીભાઇ પરમાર 'દધિ' : અનેરૂં આ ગાંધીનગર છે
(૧૦) સુમંત શાહ : ગાંધીનગરનો જન્મદિન ઉજવીએ
(૧૧) ગોપાલભાઇ ઠાકર : સોનાધારે
(૧૨) ભીખુ કવિ : શમણાને કહેજો
(૧૩) બાબુદાન ગઢવી : વર્ષા
(૧૪) ભક્ત કવિ : આંધીનગર છે

કાવ્યો / ગઝલો / મુક્તકો રજૂ કર્યા, જેને સર્વેએ મનભર માણ્યાં

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
'શબ્દ સેતુ'
સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

● **કાવ્ય સેતુ**

વરસાદી વાંછટ...

તારી વાંછટની ભીની છાલકથી લખાય છે આ ગઝલ
તારા ઠંડા ઠંડા સ્પર્શોથી કંઈ શરમાય છે આ ગઝલ
તારાં આગમનનાં સમજીને એ અમે રિસામણા - મનમણાં
ક્યારેક ઘેરાઈ વરસ્યા વગર ખૂદથી રિસાય છે આ ગઝલ
તારા વરસવાનાં અતૂટ વિશ્વાસે શાયરોમાં થાય સંચાર
ટીપે ટીપે અક્ષરોથી મક્તા-મત્સામાં બંધાય છે આ ગઝલ
જ્યોતિષીઓનાં ધોધમાર આગાહીઓની ક્યાં તને પડી છે
માટીનાં ગંધથી ને ફૂલોનાં ફોરમથી મહેંકાય છે આ ગઝલ
કેટલુંય વિચાર્યા છતાં શબ્દોનું મનમાંથી થાય છે બાષ્પીભવન
તારી જેમ જ આડી અવળી વિખરાઈને વરસે છે આ ગઝલ
વાદળ - વાદળની આકાશી મસ્તાની ટક્કરે મોતનું તાંડવ
આંસુના ટીપાંથી ઊભરાંતા ઘરોનાં ખૂણે હીબકે ચઢે આ ગઝલ
તારાં રોમાંસની હેલીનાં ઝાપટામાં પ્રેમીઓ થાય છે બેશરમ
પ્રેમમાં તરસતાં અને વિરહમાં ઝુરતાં પ્રેમીની મુરઝાય આ ગઝલ
તારી જેમ જ ક્યારેક આ ગઝલને ઉતરતા વર્ષો વીતી જાય
ક્યારેક પુરી હોવા છતાંય કોરી અધુરી રહી જાય છે આ ગઝલ

- સંજય થોરાત

● **અસર તો પડે**

સવારે નહીં તો સાંજે એની ખબર પડે,
સૂરજની હાજરીની, અસર તો પડે.
મોસમનો પહેલો વરસાદ, કોને વળી નડે?
ઘટના છે સાવ સાદી પણ, અસર તો પડે.
ભીની થશે પણ તોય આંખો નહીં રડે,
બે આંખની શરમ નડે, અસર તો પડે.
વરસાદ નહીં તો છેવટે, ઝાકળ બની પડે,
એ ભીનાશની ય થોડી, અસર તો પડે.
વર્તન ગુલાબનું મને, અચરજ નહીં કરે,
છે સંગ કાંઠાનો એને, અસર તો પડે.
દૂરથી નજર કરૂં ત્યાં તો ડમરી ચડે,
મારા વતનની ધૂળ છે, અસર તો પડે.
માણસ છે હોય જ્યારે, કાયમ સહુને નડે,
પણ જાય ત્યારે એની, અસર તો પડે.
તારાની ગણત્રીમાં થોડી ભૂલ તો પડે,
ઉજાગરા ખૂબ થયા છે, અસર તો પડે.
નિર્ગુણ નિરાકારને નિર્લેપ ભલે ગણે,
પૂજા કરો જો રોજ, અસર તો પડે.
અર્જુન થવું નથી, નાહક અને ધક્કો પડે,
જાતે જ વાંચુ છું ગીતા, અસર તો પડે.
હું તો સમયસર હોઉં, પણ ઘડીયાળ છે નડે,
ફર્યા કરે છે, ગોળ ગોળ, અસર તો પડે
લાખો રચાઇ છે ગઝલ, ને કેટલીય સડે,
એકાદ તાજી છો રચાય, અસર તો પડે.

- ડૉ. મુકેશ જોષી

● **આવી મેઘસવારી**

ધરા ગુર્જરી ઉપર આજે, આવી મેઘસવારી,
ઈશ્વરની આ મ્હેર ગણો કે, નગરી નગરી રાજી,
ચોખ્ખા પાણી આકાશોથી
વરસાવે છે કોઇ...
ઝબાક કરતી વીજળી જાણે
નાચન કરતું કોઇ...
આડો અવળો થઈને વરસે, છાનો રહીં નિરંતર વરસે
કાળા ડીંબાગ વાદળ વચ્ચે, લઈ નગારૂં સાથ વગાડી.... ધરા.
આષાઢી કલરવ કરીને...
ડુંગર પરથી ધોધ વહીંને...
નેરા-નદીયું છલકાઈને...
ચેક ડેમના સ્રોવર થઈને...
દરિયા સામે દોટ મૂકી,ને ઝાડી-ઝાંખર જીવન થઈને,
શ્રાવણ ચાલ્યો મનખ્યો લઈને, મેળામાં જઈ પ્રીત લગાડી... ધરા.
આકાશોથી કોણ ગળ્યું'તું ?
ધરતી માથે કોણ ઢળ્યું' તું ?
માટીમાં જઈ કોમ ફળ્યું' તું ?
વેલ્યમહીં આ કોણ ઝૂલ્યું' તું ?
મેઘધનુષી રંગરંગની, પીછી ક્યાં છૂપાવી ?
ધરા ગુર્જરી ઉપર આજે, આવી મેઘસવારી ... ધરા...

- ભરત પાઠક 'નયન'

એકવેરીયમમાં પ્રવેશતા જ વિવિધ પ્રકારની નાની, મોટી અને ચળકતા રંગો વાળી સુંદર માછલીઓ ને જોઇને પાતાળલોકની પૌરાણિક અને સુંદર મત્સ્ય કન્યાઓ વિશે વાંચેલું યાદ આવે, જાણે કે એ કોઇ કલ્પના નહીં પણ વાસ્તવ સ્વરૂપે અહીં જોઇ શકાતી હોય

બપોરનો સમય હતો પણ સૂર્યનારાયણનાં ક્યાંક દર્શન થયાં ન હતા. વાતાવરણમાં ભેજ અને બફારો ખુબ લાગતો હતો. આકાશ કાળા ડિબાંગ વાદળોથી છવાયેલું હતું. પોર્ટ બ્લેયરના સ્વચ્છ રસ્તાઓ પર અમારી ગાડી પસાર થતી હતી ત્યારે એક વાત ખાસ ધ્યાનમાં આવી. આપણે ત્યાં અમદાવાદ હોય કે ગાંધીનગર રસ્તા વચ્ચે ગાયોના ટોળાં જોવા મળે. અહીં ક્યાંક ગાયો, રખડતાં કૂતરા કે ભૂંડ જેવા મળતાં ન હતા, રસ્તા પર લોકો અને વાહનોની અવરજવર બહુ ઓછી હતી. સ્થાનિક લોકોના આવનજાવન માટેની બસો કે રીક્ષાઓ જોવા મળતી હતી.

અમારે અત્યારે મહાત્મા ગાંધી પાર્ક જોવા જવાનું હતું. તે રાજભવનની પાસે જ શહેરની મધ્યમાં દિબધ્યમન સરોવર ને કિનારે આવેલો છે. પાર્કીંગમાં વાહન મુકી રસ્તો પસાર કરી સામેની બાજુ આવ્યા ત્યારે મોટો દરવાજો દેખાયો. દરવાજામાં પ્રવેશતાં ડાબી તરફ સરોવર આવેલું છે. સરોવર અત્યારે પાણીથી છલોછલ ભરાયેલું છે. ત્યાં બાળકો માટે જુદી જુદી રાઇડ્સ અને વોટર ગેમની સુવિધા છે. બાજુમાં પ્રવાસીઓ માટે નાસ્તાગૃહ પણ છે. ત્યાંથી આગળ જઇએ એટલે અનેક પ્રકારના પક્ષીઓ જોવા મળે છે તે ઉપરાંત જાપાનીઝ લોકોનું એક ધાર્મિક સ્થળ અહીં આવેલું છે.

પાર્કમાં આગળ વધતાં ટેકરી ઉપર ઊંચી જગ્યાએ સ્ટેપ ગાર્ડન છે. નાની નાની કેડીઓ અને કયારીઓમાં સુંદર છોડવાઓ બગીચાની શોભા છે. સહેલાણીઓને ફોટોગ્રાફી કરવાની મજા પડી જાય તેવું આ સ્થળ છે. ત્યાં ઊંચે ગાંધીજીની પૂર્ણ કદની પ્રતિમા. છે. જેમાં બાપુ બેઠેલા જણાય છે. પ્રવાસીઓ એ પ્રતિમા પાસે ઊભા રહીને પણ ફોટા પાડતા હતા. બગીચામાં કુદરતી આકારના કાળા પથ્થરો બહુ સુંદર રીતે ગોઠવેલા પણ અમે જોયા. ત્યાં ઝરમર ઝરમર વરસાદ શરૂ થઇ ગયો. પણ તેની હવે બહુ પરવા નહોતી. મોટા ભાગના અમે સૌ છત્રીઓ લઇને આવેલા. માનસી અને નિલય ફોટા માટે જુદાં જુદાં લોકેશનો જોઇને ફોટા પાડવામાં મશગુલ હતા. નાનકડી રીવા પતંગિયાની જેમ આમતેમ દોડાદોડ અને કુદાકૂદ કરતી હતી. તે મીના પાસે આવી. ત્યાં જિજ્ઞાસા, કિન્નરી અને નિકીતાએ બૂમ પાડી. માસી અહીં આવો. તેઓ એક મોટા પથ્થર પર ઊભા રહી ફોટા પાડતાં હતા. તો રસ્તાનાં ઢોળાવ પાસે ઝાડ નીચે અબુંભાઇ અને પારૂબેન ઊભા હતા. નીતીન અને સારીકાની તેઓ રાહ જોતા હતા. હું તેમની પાસે જઇ ઊભો હતો. ત્યાં દૂરથી હાથ ઊંચો કરી કાન્તિભાઇ ઝાલાએ મને બોલાવ્યો. હવે ઢોળાવ ઉપરથી અમે સૌ નીચે ઉતરતા હતા. ત્યારે તળાવને કિનારે દૂર રેલીંગ પાસે એક છત્રીમાં ઊભાં ભીંજાતા પરેશ રાજઅને રોમાને જોતાં ફિલ્મનું પેલું ગીત યાદ આવી ગયું.

'બરસાદ મેં તુમ સે મીલે હમ સજન
હમસે મીલે તુમ વરસાદ મેં...'

અમે પરત ફરતાં હતા ત્યારે મેં ઉપેન્દ્રભાઇને પૂછ્યું, 'ઉપેન્દ્રભાઇ આ મહાત્મા ગાંધી પાર્ક તો બહુ નાનો છે. આ નામનો અહીં બીજો કોઇ પાર્ક ખરો?'

'હાં, તમારી વાત સાચી છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય પાર્ક અલગ છે.'

'તે ક્યાં આવેલો છે?'

'તે વન્ડુરમાં આવેલો છે.'

'મને એમ લાગ્યું તો ખરૂં, કેમ કે મેં વાંચેલું કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય પાર્ક તો બહુ મોટો છે.'

'તમારી વાત સાચી છે. તે એક વિશાળ સમુદ્રી ક્રીક પાર્ક છે. તે ૨૮૧ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે. તેની સુંદરતા અપ્રતિમ છે. કુદરતી સૌંદર્યનો ખજાનો છે. ચારે તરફ ફેલાયેલી હરિયાળી, વૃક્ષોના ઝુડો અવનવા પ્રકારની અનેક વનસ્પતિઓ, પક્ષુપક્ષીઓ કીટકો અને સરિસૃપો જોવા મળે છે. જૈવિક વિવિધતાનો સમૃદ્ધ ખજાનો છે.'

'પોર્ટ બ્લેરમાં બીજું શું શું જોવા લાયક છે?' મીનાએ પૂછ્યું.

'બહેન અહીંથી અત્યારે તો આપણે એકવેરિયમ જોવા જઇએ છીએ. અહીંનું મત્સ્યસંગ્રહાલય અનેક રીતે વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. કારણ કે બંગાળની ખાડીમાં માછલીઓની ખુબ જ વિવિધતા જોવા મળે છે. તેને સહેલાણીઓ માટે ખુબ જ આકર્ષક રીતે અહીં રાખવામાં આવી છે. તે ઉપરાંત અહીં સમુદ્ર સંપત્તિ કહી શકાય તેવી માછલીઓ શૈલ અને ટોક્સ વિગેરે અનેક પ્રકારની નાની મોટી વસ્તુઓ તેના આકર્ષણનું કેન્દ્રછે. આંદામાનમાં સૌ પ્રથમ મત્સ્ય સંશોધન કેન્દ્રની સ્થાપના અને ૧૯૩૦માં તે સમયના પ્રભાવી અધિકારી ડો. શેઠના દ્વારા થઇ હતી. 'ત્યો ત્યારે આપણી વાતો વાતોમાં એકવેરિયમ આવી પણ ગયું.'

સૌ ચાલતા ચાલતા એકવેરીયમ તરફ આગળ વધ્યા. મોટા દરવાજાની અંદર પ્રવેશતા સુંદર બગીચો હતો. વરસાદ હવે બંધ થઇ ગયો. અહીં ઠંડા સમુદ્રી પવનનો અનુભવ થતો હતો.

એકવેરીયમમાં પ્રવેશતા જ વિવિધ પ્રકારની નાની, મોટી અને ચળકતા રંગો વાળી સુંદર માછલીઓ ને જોઇને પાતાળલોકની પૌરાણિક અને સુંદર મત્સ્ય કન્યાઓ વિશે વાંચેલું યાદ આવે. જાણે કે એ કોઇ કલ્પના નહીં પણ વાસ્તવ સ્વરૂપે અહીં જોઇ શકાતી હોય. સુંદર રંગબેરંગી પથ્થરો અને વનસ્પતિઓથી ઊભું કરાયેલું દૃશ્ય જાણે કે એકવેરીયમમાં નહીં પણ હુબહુ સમુદ્રમાં મસ્તીથી તરતી માછલીઓને જોતાં હોઇએ તેવું લાગે.

'કેવી સુંદર માછલીઓ છે. આના કંઇ નામ પણ હશે ને?' મીનાએ પૂછ્યું.

'હાં... આ પેલા સામે જો ટોળું વળ્યું છે ત્યાં કોઇ ગાઇડ માછલીઓ અંગે સમજાવતા હોય એમ લાગે છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

શાળાએથી ગામમાં જતા હોય ત્યારે રસ્તા પર પડેલા પથરા ઉપાડીને બાજુ પર મુકે ને પછી જ આગળ જાય, મણીલાલની આ ટેવ અમે ખૂબ નાના હતા ત્યારથી જાણતા...

મારૂં જીવન જે જે માર્ગે પસાર થયું તે તે માર્ગે સાધારણ તથા અસાધારણ માણસોના પરિચયમાં આવવાનું બન્યું. જીવન અને જાણે 'કશુંક'ની ખોજમાં વહેતું હોય તેમ બધા અનુભવમાંથી 'કશુંક' સ્પાર્ક કરાવી જાય છે અને તે હૃદયના કોઇ ખૂવે સેવ (Save) થઇ જાય છે.

આજે એવા જ એક સેવ (Save) થયેલા સેવક વિશે લખવાનું મન છે. જેમને બોલતાં સાંભળ્યા નથી ને બેસી રહેલા જોયા નથી એવા આ સેવક દંપતિ એટલે મારા ગામની હાઇસ્કૂલ શ્રી ચંદુલાલ અંબાલાલ શાહ નૂતન વિદ્યાલય વડાવલીના પ્રથમ સેવક મણિલાલ મોદી અને તેમના ધર્મપત્ની કમળાબેન મોદી.

સામાન્ય રીતે શાળામાં આચાર્ય સાહેબની ઓફિસના દરવાજે મુકેલા ટેબલ પણ મણીલાલની બેઠક. આચાર્યશ્રીની ઘંટડી વાગે ત્યારે ઓફિસમાં જવાનું, જે બોલાય તે સાંભળવું અને જે સોંપાય તે કામ કરવું ને પછી મૂળ બેઠક પર પરત. યોગ્ય સમયે ટકોરા પાડવા ઉઠે. આ તેમનો નિત્યક્રમ. મોં બંધ. મોં ખોલ્યા સિવાય પણ સારૂ કામ કરી શકાય તેનો ઉત્તમ દાખલો અમારા મણીલાલે પુરો પાડ્યો. હાં, એમને વાત અને કામ બરાબર સમજાવવાં પડે, એટલું ખરૂં.

શરૂઆતમાં આચાર્ય સાહેબે સહેલું કે, 'તાસ બદલાય ત્યારે બે ટકોરા અને શાળા છુટે, ભરાય કે રીસેશ ના સમયે લાંબો બેલ પાડવો. સૂચનાનો અમલ સમજ્યા મુજબ થયો. આચાર્ય સાહેબે બેલ (Bell) ટૂંકાવવા કહેલું પડે એટલો લાંબો બેલ (Bell) વગાડતા. એક દિવસ આચાર્ય સાહેબે બોલાવીને કહ્યું કે, 'શાળા છુટે અથવા રીશેષ પડે ત્યારે પાંચ ટકોરા પાડવાના અને શાળા ભરાય અથવા રીસેશ પુરી થાય ત્યારે અગિયાર ટકોરા પાડવાના. બરાબર? 'જવાબમાં મણીલાલે માથું ધુણાવ્યું. આચાર્ય સાહેબ ટકોર કરી કે, 'લાંબો બેલ (Bell) એટલે લાંબો બેલ (Bell) ખરો પણ તમે તો લાં... બો બેલ (Bell) પાડતા જે હવેથી બંધ. બરાબર? જાઓ.' આજ્ઞાંકિત મણીલાલ નિવૃત્ત થયા ત્યાં સુધી ટકોરા બાબતે ફરી ટકોર કરવી પડી નથી.

મણીલાલની એક ખાસિયત ખૂબ જાણીતી. કોઇનાં પણ ઘેર જાય તો કેલેન્ડર પર નજર કરે. એ વખતે ડઝાવાળા કેલેન્ડર ઘેરઘેર જોવા મળતાં. એક દિવસનું એક પાનું હોય જેમાં તારીખ અને તીથી મોટા અક્ષરે, દિવસ અને માસ નાના અક્ષરે હોય. મણીલાલની નજર પડે અને પાનાં ફાડવાનાં બાકી હોય તો એ કામ પહેલું કરે અને પછી જ બેસે. શાળાએથી ગામમાં જતા હોય ત્યારે રસ્તા પર પડેલા પથરા ઉપાડીને બાજુ પર મુકે ને પછી જ આગળ જાય. મણીલાલની આ ટેવ અમે ખૂબ નાના હતા ત્યારથી જાણતા. એ વખતે થોડા થોડા અંતરે અમે પથરા મુકી સંતાઇને જોઇ રહેતા. તેઓશ્રી દરેક પથ્થર ઉપાડીને રસ્તાની બાજુએ મુકે પછી આગળ જાય. અમારી એ વખતની આ બાળસહજ ચેષ્ટા આજે તો મણીલાલે જીતેલો વિશ્વાસ લાગે છે ને માથું ઝુકી જાય છે. આજે પણ મારા ગામમાં રસ્તા પર પડેલા પથરા કોઇ મણીલાલની પ્રતિક્ષામાં ઓશિયાળા બનીને બધાની સામુ જોઇ રહ્યા છે.

સોંપેલું કામ પોતે સમજ્યા છે તે મુજબ નિષ્ઠાથી કરનાર મણીલાલને જ્યારે કોઠાસૂઝ કે વિવેકબુદ્ધિ વાપરવાનો સમય આવે ત્યારે તેમનાં ધર્મપત્ની તેમની વહારે આવતાં. કમળાબેનનું કામ પણ સેવક તરીકેનું તો ખરૂં જ પણ એથી વિશેષ મણીલાલ ને સમજવા, મઠારવા, અને ભૂલ કરવા તરફ જતા રોકવ. આ કામને કોઇ પગાર નહિં. આમેય ક્યાં પગાર હોય છે. પગાર તો નોકરીનો હોય છે કામનો તો આનંદ જ હોય છે. આ દંપતિને કામ કરતા જોયેલા તે સમય યાદ કરૂં ત્યારે જાણીતા કેવળણીકાર ડો. ગુણવંત શાહના શબ્દો યાદ આવી જાય છે કે "રસ અને રોટલો ભેગા મળે ત્યાં આનંદ જ આનંદ હોવાનો."

આદર્શ સેવક દંપતિ
- દિશા દર્શક
- નાચી જયંતિભાઇ

અમે ભણતા ત્યારે શાળાથી થોડે દૂર કૂવા પર જઇ પાણી ખેંચી ને માથે ઉપાડી શાળામાં લાવવાનું. આ કામ કમળાબેનનું. અમે વિદ્યાર્થીઓ પાણીના ઉપયોગ બાબતે જરાય ગંભીર નહીં એટલે બગાડમાં પાવરદા. કશું જ કામ કર્યા સિવાય પણ હાથ, પગ, મોં ધોઇને પાણી વેડફતા ને કમળાબેનનું મોં સૂકવતા. તેઓ અમને ઠપકો આપે, મોં બગાડે પણ ફરિયાદ ઓફિસ સુધી ન જાય. આમાં ક્ષમાનો ભાવ નહીં પણ છોકરા તો આવાં જ હોય ને આમ જ કરે એ ભાવ ખરો. પરિસ્થિતિનો સ્વીકાર એ એમની પ્રકૃતિ હતી. એમાં પરિસ્થિતિની તાબેદારી ન હતી.

આ મણીલાલ નિવૃત્ત થયા પછી પણ શાળાએ આવતા. કોઇકે પૂછ્યું કે, 'હવે નિવૃત્ત થયા પછી કેમ આવો છો?' તો વિચારે ચડી જવાય તેવો જવાબ આપી પોતાની સંસ્થાનિષ્ઠા પ્રગટ કરતા કે 'હું અહીં ન આવું તો ક્યાં જાઉં?'

સેવકની વૃત્તિને એના ફરજના વિસ્તારની મર્યાદા કેવી રીતે બાંધી શકે? એટલે તો તેઓ શાળાના સેવક હોવા છતાં ગામના સેવક બની ને જીવ્યા. આજે શાળામાં જતાં એક સવાલ ઊઠે છે કે સ્વ. મણીલાલ નો આત્મા આ શાળા પરિસર છોડીને ગયા હશે? જાણીતા વાર્તાકાર 'ધૂમકેતુ'ની વાર્તા 'ભૈયાદાદા'નું પાત્ર ભદ્રીનાથ ભૈયા જરૂર ધરતીના કોઇ ખૂણે થયા હશે એવી શ્રદ્ધા સ્વ. મણીલાલ જન્માવી ગયા.